## સંક્ષિપ્ત સમાચાર

### વાવ ગામ નજીક રિક્ષા ડિવાઈડર સાથે અથડાઈ



વિશાલ પટેલ

કામરેજ: કામરેજ-કડોદરા રોડ પર વાવ ગામ પાસે બપોરે 12.30 કલાકે રિક્ષા ચાલકને અચાનક ખેંચ આવતાં રિક્ષા ડિવાઈડર સાથે અથડાઈ પલટી મારી હતી. અકસ્માતમાં ચાલક અને મુસાફરને ઈજા થઈ હતી. સુરત જિલ્લા ટ્રાફિક પોલીસે તત્કાળ ઘટના સ્થળે પહોંચી, ઇજાગ્રસ્તોને પોતાની સરકારી ગાડીમાં કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### પીપોદરા નજીક અજાણ્યા વાહન અડફેટે બાઇકસવારનું મોત

હથોડા: માંગરોળના પીપોદરા નજીક ટેગન ટેક્ષોફેબ પ્રા.લિ. પાસે નેશનલ હાઈવે નં.48 પર શનિવારે વહેલી સવારે મુંબઈથી અમદાવાદ જતી લેન પર કોઈ અજાણ્યા વાહન ચાલકે પૂરઝડપે વાહન હંકારી સંદીપ રામચન્દ્ર કેવટ (ઉં.વ.૨૨) સંદીપ રામચંદ્ર કેવટ (રહે., 87, શિવ રેસિડન્સી, કઠોદરા, ઓલપાડ, મૂળ રહે., કેવટરા, પતારા, હમીરપુર, યુપી)ની મોટરસાઈકલ નં.(જીજે-05-ટીએચ-3773)ને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં સંદીપનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈ ફરાર થઈ ગયો હતો. મૃતક યુવક ઓનલાઈન ડિલિવરીનું કામ કરતો હતો અને નોકરી પરથી પરત ફરી રહ્યો હતો ત્યારે આ કાળમુખો અકસ્માત નડ્યો હતો. કોસંબા પોલીસે આ અંગે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઉચ્છલના ખેડૂત સાથે ઠગાઈ કરનાર ઝડપાયો

વ્યારા: ઉચ્છલ પોલીસે ફેસબૂક કાર વેચાણની જાહેરાત કરી ઉચ્છલના એક ગામના ખેડૂત સાથે અર્ટિગા કાર ખરીદવા 81, 854 રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી કરનાર આરોપી ધર્મેશ સુરેશ ચુડાસમા (ઉં.વ.28) (રહે.,વાસી તળાવ, સુવિધા શો રૂમવાળા ખાંચામાં, પારેખના દવાખાના પાસે, મહુવા, ભાવનગર)ને ઝડપી રોકડા રૂ.81,854 કબજે લઈ આરોપી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### પલસાણામાં વાહનની ટક્કરે યુવકનું મોત

પલસાણા: પલસાણામાં નેશનલ હાઈવે નં.૪૮ પર ઓમ શિવમ હોસ્પિટલ પાસે ગત ૫ માર્ચના રોજ હિટ એન્ડ રનની ઘટના બની હતી. મૂળ બિહારના અને હાલ કામરેજ રહેતા ૪૧ વર્ષીય કમલેશ દાસ જગેશ્વરદાસને પૂરઝડપે આવતા અજાણ્યા વાહને અડફેટે લીધા હતા. ગંભીર ઈજાઓ પહોંચતાં સિવિલ હોસ્પિટલમાં તેમનું મોત નીપજ્યું છે. પલસાણા પોલીસે ફરાર વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કામરેજના નવાગામમાં યુવતી ગુમ

કામરેજ: મૂળ અમરેલી અને કામરેજ ગામની એક સોસાયટીમાં રહી સફાઈકામ કરતા પરિવારની ૧૭ વર્ષીય પુત્રી પાંચ દિવસથી ગુમ છે. નવાગામમાં માતા-પિતા સાથે સફાઈકામ અર્થે ગયેલી યુવતી કચરો નાંખવા ગઈ હતી. ઘરે પરત ન ફરતાં તેના ભાઈએ કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### લવાછા ગામમાં શ્રમિક મહિલાનું મોત

સાયણ: ઓલપાડ કાંઠા વિસ્તારના મોટા ખોસાડિયા ગામે સંગીતાબેન નરેશભાઇ રાઠોડ (ઉં.વ.૪૦) ગત શુક્રવારે લવાછાની સીમમાં વાડલી વિસ્તારમાંથી પસાર થતી નહેરના પાણીમાં માછલી પકડવા માટે ગઈ હતી. દરમિયાન બપોરો બાર વાગ્યે સંગીતા રાઠોડનો પગ ગરનાળામાં લપસી પડતાં તેનું પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું.

### બારડોલીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાશે

બારડોલી: સુરત મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બારડોલી તાલુકાના સુરત ધુલિયા રોડ સ્થિત સુરત લેઉઆ પાટીદાર સમાજ હોલ ખાતે તા.૯ માર્ચ, સોમવારે સવારે ૧૦:૩૦ કલાકે જિલ્લા કક્ષાની 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી નિમિત્તે 'મહિલા સંમેલન' યોજાશે. 'રાઈટ્સ, જસ્ટીસ એક્શન, ફોર ઓલ વુમન એન્ડ ગર્લ્સ'ની થિમ પર યોજાનારા આ કાર્યક્રમમાં મહિલા ઉધમીઓનું, સરપંચનું, બાલિકા પંચાયતના સરપંચ, રમત-ગમતમાં સિદ્ધિ મેળવેલી મહિલાઓનું તેમજ ગંગા સ્વરૂપા આર્થિક સહાય, વ્હાલી દીકરી, ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય, મહિલા સ્વાવલંબન સહિતની વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવશે.

# ભાનાવાડીમાં 4 વર્ષ પહેલાં મંજૂર થયેલી પાણીની ટાંકી 2026માં બની!

**આ કામગીરીમાં** પણ વેઠ ઉતારાતાં ટાંકી નીચેના સ્ટ્રક્ચરમાં તિરાડો પડી



વ્યારા: વ્યારાના ભાનાવાડી ગામે કંસારિયા ફળિયામાં તંત્ર દ્વારા સ્મશાન પાસે ટાંકી બનાવી તે પણ છેક પાંચ વર્ષે! 15માં નાણાપંચ અંતર્ગત 2021-22ની ગ્રાન્ટમાંથી મંજૂર થયેલી ટાંકી છેક 2026માં બનાવવામાં આવતાં લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે તેમજ કોન્ટ્રાકટ દ્વારા ટાંકી તો બનાવી દીધી પણ ટાંકી બની તેના હજુ તો દોઢ બે મહિના પણ થયા નથી ત્યાં ટાંકીના સ્ટ્રક્ચર પણ ભ્રષ્ટાચારની તિરાડો નજરે પડવા લાગી છે. ત્યારે ટાંકીના બાંધકામમાં કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર વેઠ ઉતારી હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. તેમજ ટાંકીમાં પાણી પહોંચાડવા માટે ટાંકી પાસે બોર પણ કરવામાં આવ્યો છે. જો કે, ટાંકીમાં પાણી લઈ જવા માટે કોઈ જ વ્યવસ્થા કરવામાં ન આવતાં આ ટાંકી સ્મશાને આવતાં લોકો માટે હજું સુધી ઉપયોગી બની નથી અને માત્રને માત્ર સરકારી ગ્રાન્ટના ઉપયોગ માટે ટાંકી લોકોને દેખાડવા પૂરતી બનાવી હોવાનું જણાઈ રહ્યું છે. જેથી સ્થાનિક લોકોમાં તંત્ર પ્રત્યે રોષ ફેલાયો છે અને લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલી આ ટાંકી સાચા અર્થમાં લોકો માટે ઉપયોગી બને એ માટે ટાંકીમાં પાણી પહોંચાડવાની વ્યવસ્થા ત્વરિત ઊભી કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.

## ઉચ્છલના ફૂલ ઉંમરાણ ગામમાં સસ્તા અનાજના સંચાલકનો પરવાનો રદ

**સમયસર** અનાજ વિતરણ ન કરવા સાથે રેકોર્ડિંગમાં ખામી હતી

વ્યારા: ઉચ્છલ તાલુકાના ફુલ ઉંમરાણ ગામે આવેલ સસ્તા અનાજની દુકાનના પરવાનાને 90 દિવસ માટે સસ્પેન્ડ કરવાનો હુકમ જિલ્લા પુરવઠા અધિકારીએ જારી કરવામાં આવતાં સસ્તા અનાજની દુકાનોના સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે. મળતી માહિતી મુજબ ફૂલ ઉંમરાણ ગામના સસ્તા અનાજની દુકાનના સંચાલક ફતુભાઈ ગેરિયાભાઈ વળવી પરવાના નં.4/96 ધરાવે છે. જે દુકાનમાં ગત તા.25-2-2026ના રોજ ઉચ્છલ મામલતદાર દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન દુકાનમાં ઘઉં અને ચોખાનો અપૂરતો જથ્થા સહિત સમયસર અનાજ વિતરણ ન કરવું, અનાજ રેકોર્ડિંગમાં ખામી અને અન્ય કેટલીક ક્ષતિઓ બહાર આવી હતી. જે હકીકત ધ્યાનમાં તાપી જિલ્લા પુરવઠા અધિકારીએ પોતાને મળેલી સત્તાની રૂએ ફૂલ ઉંમરાણ ગામના સસ્તા અનાજની દુકાનનો પરવાનો 90 દિવસ સુધી મોકૂફ રાખવાનો હુકમ કર્યો છે અને સંચાલકને આ હુકમ સામે વાંધો હોય તો પરવાનો રદ કરાયાનો હુકમ મળ્યાના 30 સુધીમાં તાપી કલેક્ટરને અપીલ કરવા સૂચન કરાયું છે.

## બારડોલીમાં મિનારા મસ્જિદ અંગે વિવાદી ટિપ્પણીથી હોબાળો

**સોશિયલ** મીડિયા પોસ્ટથી માહોલ ગરમાયો

બારડોલી: બારડોલીમાં પવિત્ર રમઝાન માસ દરમિયાન શાંતિપૂર્ણ માહોલ વચ્ચે સોશિયલ મીડિયાની એક વિવાદાસ્પદ પોસ્ટને કારણે મોડી રાત્રે તંગદિલી સર્જાઈ હતી. શહેરના રાજમાર્ગ પર આવેલી ઐતિહાસિક મિનારા મસ્જિદના રોશનીથી શણગારને લઈને ઈન્સ્ટાગ્રામ પર એક ઉશ્કેરણીજનક પોસ્ટ વાયરલ થઈ હતી, જેમાં મસ્જિદ અને મુસ્લિમ સમાજ વિરુદ્ધ વાંધાજનક શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ લખાણ વાયરલ થતાં જ મુસ્લિમ સમાજના યુવાનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

ગઈકાલે મોડી રાત્રે ગાંધી રોડ અને તલાવડી સહિતના વિસ્તારોમાંથી સેંકડોની સંખ્યામાં યુવાનોનાં ટોળાં બારડોલી પોલીસ મથકે ઊમટી પડ્યાં હતાં અને જવાબદાર સામે કડક કાર્યવાહીની માંગ સાથે હંગામો મચાવ્યો હતો. મામલાની ગંભીરતા જોતા પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી, જેમાં આ વિવાદિત પોસ્ટ ચાણક્યપુરી વિસ્તારમાં રહેતી એક પરપ્રાંતીય મહિલાના 'સંજુ ગોંડ' નામના એકાઉન્ટ પરથી મૂકવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે ત્વરિત કાર્યવાહી કરી જાહેર શાંતિ ડહોળતી આ પોસ્ટ ડિલીટ કરાવી હતી. આ મામલે પૂર્વ નગરસેવક કાલુ કરીમ શાહની ફરિયાદના આધારે ૩૭ વર્ષીય મહિલા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવી શહેરમાં શાંતિ જળવાઈ રહે તે માટે કવાયત હાથ ધરી છે.

### વ્યારામાં પ્રોહિબિશનનો આરોપી ઝડપાયો

વ્યારા: તાપી LCB અને પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે વ્યારા પોલીસ સ્ટેશન અને ઉકાઇ પોલીસ વિસ્તારમાં પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપી અજય વિનોદ ગામીત (ઉં.વ.29) (રહે.,ભૂરીવેલ, તા.ઉકાઈ)ને વ્યારા સ્થિત નવા બસ સ્ટેન્ડ પરથી ચોક્કસ બાતમીના આધારે પકડી પાડ્યો હતો. આ આરોપીને કાર્યવાહી માટે વ્યારા પોલીસને હવાલે કરાયો હતો.

## સાવા ગામે વિકાસનાં કામોમાં વિવાદ, તપાસના નામે મીંડું!

**લાંબા** સમયથી રજૂઆત છતાં ઉકેલ ન આવતાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત થશે

હથોડા: કોસંબા નજીક આવેલા સાવા ગામમાં પંચાયત દ્વારા કરવામાં આવેલા વિકાસનાં કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને નબળી કામગીરી થઈ હોવાની બૂમ ઊઠી છે. આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરી તપાસની માંગ કરવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન કરવામાં આવતાં હવે આ લડત ઉચ્ચ કક્ષાએ લઈ જવાની તૈયારી દર્શાવવામાં આવી છે.

સાવા ગામના જાગૃત નાગરિક સતીષભાઈ ધીરુભાઈ ફણસીયાએ સુરત જિલ્લા વિકાસ અધિકારીને લાંબા સમય પૂર્વે લેખિત ફરિયાદ કરી જણાવ્યું હતું કે, ગામમાં સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત રસ્તાની બાજુમાં પેવર બ્લોક બેસાડવાની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીમાં સરકારી નીતિ-



ઈબ્રાહીમ કાનુ

નિયમો અને ધારાધોરણોનું પાલન ન થતાં માત્ર બે જ મહિનામાં પેવર બ્લોક બેસી ગયા છે અને ઠેરઠેરથી ઉખડી જતાં વેરણછેરણ હાલતમાં જોવા મળી રહ્યા છે. આ નબળી કામગીરીના પુરાવારૂપે ફોટા પણ ફરિયાદ સાથે રજૂ કરવામાં આવ્યા હતા.

લેખિત ફરિયાદમાં વધુમાં આક્ષેપ કરાયો છે કે, નાણાપંચની ગ્રાન્ટમાંથી કરવામાં આવેલાં અન્ય કામો પણ પ્રજાની સુખાકારી માટે નહીં, પરંતુ કોન્ટ્રાક્ટરો અને પંચાયતના ચુંટાયેલા પ્રતિનિધિઓના આર્થિક લાભ માટે જ કરવામાં આવ્યા હોય તેવું ફલિત થાય છે. જો આ સમગ્ર પ્રકરણમાં નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો મોટા પાયે થયેલો ભ્રષ્ટાચાર બહાર આવવાની પૂરેપૂરી સંભાવના છે.

લાંબા સમયથી રજૂઆત કરવા છતાં સુરત જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આજદિન સુધી કોઈ તપાસ કરવામાં ન આવતાં ફરિયાદ કરનાર સતીષભાઈ ફણસીયાએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, જો તંત્ર દ્વારા તપાસ કરી કસૂરવારો સામે કડક પગલાં ભરવામાં નહીં આવે, તો તેઓ ન્યાય મેળવવા માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે અને જવાબદાર અધિકારીઓ સામે અંત સુધી લડત ચલાવશે.

## સુરત ગ્રામ્યમાં બે પી.આઈ.ની આંતરિક બદલી

પલસાણા: સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા દ્વારા જાહેર હિતમાં પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ સત્તાવાર હુકમ મુજબ કડોદરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બી.ડી.શાહની બદલી મહિલા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે. તેમની જગ્યાએ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનના વી.એ.દેસાઈને કડોદરા પોલીસ સ્ટેશનનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આ ફેરફારોને કારણે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનની જવાબદારી હવે પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે.રાઠોડને સોં પાઈ છે, જેઓ પોતાના મૂળ કાર્યભાર સાથે અહીંનો વધારાનો ચાર્જ સંભાળશે. બીજી તરફ મહિલા પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ સંભાળતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી. આ ર.ઠુમ્મરને આ જવાબદારી માંથી મુક્ત કરવામાં આવ્યાં છે. તમામ બદલી પામેલા અધિકારીઓને તાત્કાલિક અસર થી પોતાની નવી નિયુક્તિના સ્થળે હાજર થઈ ચાર્જ સંભાળવા અને તે અંગેનો રિપોર્ટ રજૂ કરવા સૂચના આપવામાં આવી છે.

## સાગબારાના રણબુડા ગામે ડાંગરના પૂડિયામાં આગચંપી

**ખેડૂતે** પોલીસમથકમાં શંકાસ્પદનાં નામ સાથે રાવ કરી



સાગબારા: સાગબારાના રણબુડામાં ખેડૂતના ખેતરમાં રાખવામાં આવેલા ડાંગરના પાકના ઘાસચારામાં કેટલાક અજાણ્યા ઇસમોએ આગ લગાડી દેતાં ખેડૂતે ગુનો નોંધ્યો હતો.

મળતી માહિતી અનુસાર રણબુડા ગામના (મોજરાગઢ) ખાતે રહેતા ખેડૂત હરેશભાઈ વસાવાના ખેતરમાં તા.6 માર્ચે સાંજે આશરે 7થી 8 વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. કેટલાક શંકાસ્પદ લોકોએ ખેતરમાં રાખેલો અંદાજે 50થી 60 હજાર રૂપિયાનો ડાંગરનો ઘાસચારો સળગાવી નાંખ્યો હતો. આ બનાવ અંગે ખેડૂત હરેશભાઈ વસાવા દ્વારા સાગબારા પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપવામાં આવી હતી. પોલીસને આપેલી ફરિયાદમાં ઘટનામાં સંડોવાયેલા હોવાના સંભવિત કેટલાક શંકાસ્પદ લોકોના મોબાઈલ નંબર પણ રજૂ કરવામાં આવ્યા છે. આ બનાવ અંગે તાત્કાલિક તપાસ કરીને ઘટનામાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની ખેડૂતે માંગ કરી છે. તેમજ અગ્નિકાંડમાં થયેલા નુકસાનની ભરપાઈ કરાવી આપવાની પણ માંગ કરવામાં આવી છે. સાગબારા પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી છે.

## 'હું વેલુકનો ડોન છું, દાદાગીરી કરશે તો તને વધુ મારીશું'

**ઓલપાડના** વેલુક ગામના ત્રણ ઈસમે કાંઠાના તેના ગામે નાસ્તાના દુકાનદારને ફટકાર્યો

સાયણ: ઓલપાડના વેલુક ગામના ત્રણ ઈસમે કાંઠાના તેના ગામે નાસ્તાની દુકાન ચલાવતા સુરત શહેરના નિર્દોષને નજીવી બાબતે માર મારી દાદાગીરી કરવાની ઘટના ઓલપાડ પોલીસનાં ચોપડે નોંધાઈ છે.

પાલણપોર જકાતનાકા પાસે સંત તુકારામ સોસાયટી-૬ના ઘર નં-૭૧માં મેહુલ ધર્મેશભાઈ પટેલ (ઉં.વ.૩૮) રહે છે. જે છેલ્લા ચાર માસથી ઓલપાડના તેના ગામની સીમમાં શિવધારા સોસાયટીમાં ઘર નંબર-૧ પાસે હરિઓમ નાસ્તા સેન્ટર નામની દુકાન ચલાવે છે. ગત તા.૪ના રોજ સાંજે સુમારે તે દુકાન બંધ કરીને નીકળવાની તૈયારી કરતો હતો. એ વખતે કેટલાક છોકરાઓ દુકાન પાસે આવી કોઈની શોધખોળ કરી રહ્યા હતા. જેથી મેહુલ પટેલે તેઓને પૂછ્યું હતું કે, તમે કયા ગામના છો અને શું શોધો છો? જે સમયે આ છોકરાઓએ કહ્યું કે, અમે વેલુક ગામના છીએ. જેમાંથી એક છોકરાએ ગુસ્સાથી કહ્યું કે હું તો વેલુક ગામનો ડોન છું. આ બાબતે ફરીયાદી મેહુલે વેલુક ગામે રહેતા તેના મામાને ફોન કરી તપાસ કરતાં ત્રણ છોકરા અચાનક ઉશ્કેળાઈ ગયા હતા અને મેહુલને ઢીકામુક્કીનો માર મારી ઝપાઝપા કરી ગાળો આપી ત્યાંથી જતા જતા ધમકી આપી હતી. હવે વધારે પડતી દાદાગીરી કરશે તો તને વધુ માર મારીશું. જેથી મેહુલ પટેલે વેલુક ગામે મામાના છોકરા ચિરાગ પ્રમોદભાઈ પટેલને ફોન કરી તપાસ કરાવતાં આ શખ્સો કેવિન શૈલેષ પટેલ, હિરેન ભરત પટેલ તથા અભિ મનીષ પટેલ હોવાનું જણાતાં તેણે બે દિવસ પછી ત્રણેય વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સાબરગામ કોલેજના સૂરજ તિવારીએ ગોલ્ડ મેડલ મેળવ્યો



દિપકસિંહ મહીડા

અંત્રોલી: આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે યોજાયેલ 'ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી બેસ્ટ ફિઝિક (પુરુષ) ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬'માં પલસાણાના સાબરગામની અંબાબા કોમર્સ કોલેજના ખેલાડી સૂરજ તિવારીએ રાષ્ટ્રીય સ્તરે ઝળકતી સફળતા પ્રાપ્ત કરી છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આ કોલેજના પ્રતિભાશાળી ખેલાડીએ ૮૫ કિલોગ્રામ વજન વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીતી રાજ્ય અને યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે.

સૂરજ તિવારીએ પોતાના ઉત્તમ દેહસૌષ્ઠવ અને આત્મવિશ્વાસ દ્વારા સમગ્ર ભારતમાંથી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ ઐતિહાસિક સિદ્ધિ પાછળ તેમના કોચ સની પટેલનું વ્યાવસાયિક માર્ગદર્શન અને સુરજની કઠોર મહેનત મુખ્ય રહી છે. આ ગૌરવશાળી પ્રસંગે કોલેજનાં આચાર્યા ફાલ્ગુનીબેન ઠક્કર, શારીરિક શિક્ષણના અધ્યાપક ડો.મેહુલ ગાંધી તથા સમગ્ર કોલેજ પરિવારે વિજેતા ખેલાડી અને કોચને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

## અંત્રોલીમાં બીમારીથી કંટાળી પરિણીતાનો આપઘાત

પલસાણા: મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ અંત્રોલીની વૃંદા પેલેસ સોસાયટીમાં રહેતા રજનીદેવી ઉર્ફે આરાધના ઘનશ્યામભાઈ ગુપ્તા (ઉં.વ.૩૬) લાંબા સમયથી માનસિક અસ્વસ્થતાનો સામનો કરી રહ્યાં હતાં. બીમારીના કારણે તેઓ અવારનવાર અત્યંત ગુસ્સે થઈ જતાં હતાં. ગત તા.૩/૩/૨૦૨૬ના રોજ બપોરના સમયે બીમારીથી કંટાળી તેમણે ઘરમાં પંખા સાથે દુપટ્ટા વડે ફાંસો ખાઈ લીધો હતો. તે સમયે પાડોશીઓ દોડી આવતા તેમને તાત્કાલિક નીચે ઉતારી સારવાર અર્થે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જો કે, ત્રણ દિવસની ટૂંકી સારવાર બાદ ગતરોજ વહેલી સવારે ૩ વાગ્યે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

## એના નજીક યુવકનું અકસ્માતમાં મોત

પલસાણા: મૂળ તેલંગાણાના વનપટ્ટી જિલ્લાના વતની અને સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા અશોક મન્યમ રામલુ રંગમે પલસાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગત તા.6/3/2026ના રોજ વહેલી સવારે તેમનો 29 વર્ષીય ભાઈ રમેશ મન્યમ રામલુ રંગમ એના ગામની સીમમાં ધુલિયાથી હજીરા જતા હાઈવે પર રોડ ક્રોસ કરી રહ્યો હતો. એ સમયે અજાણ્યા વાહન અડફેટે તેનું સ્થળ પર જ મોત થયું હતું.

## શિયાલજમાં કાર અને કન્ટેનર અથડાયાં

હથોડા: કોસંબા પોલીસ મથકની હદમાં આવતા શિયાલજ ગામ પાસે નેશનલ હાઈવે પર અમદાવાદથી મહારાષ્ટ્ર તરફ જઈ રહેલી બોલેરો કારને પાછળથી પુરપાટ ઝડપે આવતા એક અજાણ્યા કન્ટેનરે જોરદાર ટક્કર મારી હતી.

મહારાષ્ટ્રના રહેવાસી યોગેશ પુરુષોત્તમ યાદવ પોતાની બોલેરો કાર નં.(MH-12-YB-8573) લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે કન્ટેનર ચાલકે ક્લીનર સાઈડના ભાગે ધડાકાભેર ગાડી અથડાવી હતી. આ ભીષણ ટક્કરમાં કારને મોટું નુકસાન થયું હતું અને ગાડીનો કચ્ચણઘાણ નીકળી ગયો હતો. જો કે, નસીબજોગ કાર ચાલક યોગેશભાઈનો આ અકસ્માતમાં ચમત્કારિક બચાવ થયો હતો. બનાવ અંગે કોસંબા પોલીસે અજાણ્યા કન્ટેનર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, અકસ્માત સર્જી ભાગી છૂટેલા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Laagni No Melo-Gujarati
01:00pm, 07:00pm
Tere Naam - 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333